PUBLISHED BY

MULJIBHAI HARIVALAVDAS. SHAH.
KASERWALA,
NADIAD.

મુકુન્દ ચંદ્ર

PRICE. 2 ANNAS. - CO.

NEW BHARATKHAND PRINTING PRESS

NADIAD.

અર્પણ પત્રીકા.

રા. રા. સદા મહેરબાન મુરબ્બી વકીલ

છોટાલાલ જવેરીલાલ મહેતા.

મુ૦ નડીઆદ

આપની ઉદારતા તથા દયાળુપણુ તથા વિદ્યાદેવીની મહત્વત્તા વધારવાને હમેશાં ઘટીત ઉપાયો યોજ્યોછો; આપ ગરીબ તવંગર તમામને ઇશ્વરી ફરજ પ્રમાણે બરાબર ગણો છો. આપની જીન્દગાનીમાં આપે જે જે સુકૃત્યો કર્યાંછે તે વર્ણવાને આ જગ્યાએ મારી કલમ શક્તિ ધરતી નથી.

આપની સુકીર્તીનો સુર્ય સર્વ સ્થળે ઉદય થઇ રહ્યોછે. જેથી આ મારા લઘુ પુસ્તકમાં આપજેવા સુકીર્તીવાન પ્રીતીપાત્ર પુરૂષનું નામ સામેલ રાખવા શ્રેય ધારી આ પુસ્તક આપનેજ અર્પણ કરણું તે સ્વીકારશો.

લી૦ સેવક.

મુલજીભાઈ હરીવલભદાસ શાહ.

નડીઆદ.

મુકુન્દચંદ્ર નાટકનાં ગાયનો.

રચી પ્રગટ કર્તા.

એસ. એચ. શાહ

નડીઆદ.

સંવત ૧૯૫૫ સને ૧૮૯૮

કીંમત બે આના.

મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

મેહનીરાય.......ચંદ્રપુરીનો રાજા
વિર્યસાગર......પ્રધાન
દેવરામ.........જોશી
નુરબક્ષ......બારોટ કવિ
મુકુન્દચંદ્ર...વડીલ કુંવર મે. નો
લધુસીંહ......પ્રધાનપુત્ર.
ફુરો, રૂપો, એગલ...ચોર લોકો
વિજયસિંહ...કાંકાનગરીનો રાજા
હોડીવાળો......માછી, ખલાસી
લુટારા........લુટનારા
ચકુરામ...બ્રાહ્મણ, મશ્કરો.
પ્રેમલો........પ્રતિહાર
વિરવિલાસ......વિરપુરનો રાજા

તે સીવાય સીપાઈ રૈયત દરબારીઓ, સભા બ્રાહ્મણો નીશાળીઆઓ, મારાઓ પ્રધાન વિગેરે વિગેરે.

સ્ત્રી વર્ગ.

વિજયાલક્ષ્મી...ચંદ્રપુરીના નગર શેઠની પુત્રી
જક્ષણી...કોઇ વનની દેવી
લીલાવતી...મુકુન્દની બેન
પ્રીયચંદા (પ્રેમચંદ્રા)...વિરપુરની ગુણકા.
સુલેખા......તેની દાસી
ચંદ્રકળા...વિરવિલાસની પુત્રી
લલિતા......તેની સખી
મઘલી...ફુરા (ચોર) ની વહુ

તે સિવાય દાસી, કંચનીઓ સાહેલીઓ, સખીઓ વિગેરે વિ૦

નોટીસ

આ નોટીસથી સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે અમારી મુકુન્દ ચંદ્ર નામની ચોપડી કોઇએ રજા વિના છાપવી છપાવવી ભજવવી ભજવવાવવી નહીં એટલુંજ નહી પણ જેની પાસે અમારી સહી અગર શીકકા વગર ની ચોપડી હશે તેણે બીન ઉપાયો કરી મેળવી છે એમ ધારી તે વિશે લાંબો વિચાર કરવામાં આવશે.

તા. ક. આ નાટકમાંના કેટલાંક ગાયનોની તરજો નવી કલ્પનાથી બનાવી દાખલ કરવામાં આવી છે.

લી. કર્તા.

મુકુન્દચંદ્ર નાટકનાં ગાયનો.

શ્રી.

(૧)

નમુ ઉમીયા પતિ હું તુજને સુખરૂપ દર્શનદે,
સુખરૂપ દર્શનદે (૨) સુખરૂપ દર્શનદે. નમુ ઉમીયા
દુંદાળા તુ મહેર કરજે દાસ ગણી તારો,
સુખ આપી દુખ કાપી કરો સાહ્ય પ્રભુજી રાખી શેવક શર્ણે—નમુ.
ગહન ગતિ છે પ્રભુ તમારી દુખ સઉ સંહારો,
નમુ પ્રીતે, સુભ રીતે, હવે હાજર છું પુજ તનમમનધન સૌ
અર્પણુ કરવાને—નમુ.

અ

(૨)

પ્રધાન—દીશોછો રાજાજી ઉદાશી શું કરવા;
ઉદાશી શું કરવારે ઉદાશી શું કરવા—દીશોછો.
શાને કાજે રાય ગૂણવાત, દુખી ઉદાશી મન નિરવાણ,
વદન ફીકુ છે આપણું રાય, દુખ ધરો શું મનનીમાંય.
છુ—પા—વો—શુ રાય મનથી.—દીશોછો.

(૩)

મેદનીરાય—અફસોસછે અફસોસરે અફસોસ કેરી વાત,
સાહ્ય કર વિભુજી હવે નમું તુને સાક્ષાત.
નથી સંતાન દેતો તું હે કૃપાના ધીશ,
અરજ મારી ફિર ધારો ભવ તારણ ઇશ
વાંઝીઓ કહેવાઉ પ્રભુ નથી મારે સંતાન,
મહેર કરીને દાશને દો પુત્રનું આદાન.
દીન પુરાનો થયાછે મુજ પતિને આજ,
પ્રસ્વ આપો પુત્રનો નમુંછું જોડી હાથ.

(૪)

વિર્યસાગર—રાય શોક કરોછો શું કામ રાય દુઃખ ધરોછો શું કામ
જગદીશ્વર કરશે સારૂંરે રાય.
રાહ જુઓ તમે દીન થોડાનો તજીને સોક તમામ. જગ૦
વિધીએ લેખ લલાટમાં લખીયા મટે નહીં કદી આમ. જગ૦
પુરો ભરૂસો ઇશનો રાખો ચીતે ધરી પ્રભુ નામ. જગ૦
દીન દયાળા નિરાશા ન કરશે હૈયે રાખો પુરી હામ. જગ૦

(૫)

દાસી—લાવી હુતો વધાઇ રાય પૂત્રની આજે અહિં
વૃદ્ધાવસ્થાએ પુત્ર ઘેર પ્રભૂ મેરતો થઇ
વહેચાવો સરવે નગ્રમાંહે ધાણા ગોળ ચીજ ગળી
ઇનામ અપાવો દાસીને ઘેર ઘેર ઓચ્છવ કરી. લાવી.

(૬)

મેદનીરાય—આજે આનંદ કેરો દીન રહ્યો છે ઘેરી (૨)
વાહ ? પ્રભુએ પુરી મુજ હામ હોયે હૈયા કેરી

દાશીને ઇનામ આપો સચીવજીસારૂ
ઘણી ખુશી કેરી વાંત હર્ષ દીલ મારૂં
દીન બંધુ દયાળા પ્રીતે નમું હું તુજને
પુર્યા મુજ મનના કોડ પુત્ર દઇ મૂજને
તેડાવો જોશી પ્રધાન તમે આવારે
ખરૂ ભવિષ્ય ભાખે જોશ જોઈ તેનારે

(૭)

રે જોશી કરો જન્મોત્રી પુત્ર કેવો છે આ રૂડો સાક્ષાત,
ભવિષ્ય એતું છે કેવું જોઇને કો, સાચે સાચી વાત.

(૮)

દેવરામ—વચન કદી નવ ખોટાં કહું સૂણો સાચુરે. સુણો.
કરજો ક્ષમા દીન ઉપરે થાયે જો અપરાધ,
રોષ કરો નહીં જરીયે મનમાં કરજો મુજને માફ.—વચન
સાત્ર વચન રાય સમજી સાચુ ગૂણ તણા અંબાર
વેદ તણા અનુમતથી સરવે પ્રગટ કરીએ વિચાર. વચન.
બાર વરસમાં જાવુ પડશે. વનમાંહે ભયંકાર.
દુખ જરી નવ પાસે અંગે સાહે શ્રી મોરાર વચન.
આશીશ રાજા મુખથી હું તો એવી કહુ નીરધાર.
દેશો દેશે જામો કીર્તી સૂખી રાખે કીરતાર. વચન કદી.

(૯)

ચકુરામ—લાડુ ખાવારે ખાવારે આજે કેવા તાજા થઇશું.
રાજાજીને ઘેર જઇશું તાજા લાડુ ખઇશું,
પાંચ સાત અડાવીશું ખાઇને જાડા થઇશું;
સટાક હો ગટગટ ગટાક હો. લાડુ ખાવારે.

કેવી મઝા પડશે ખાતાં ગટક ગટક,
લાડુ જમીને લ્હેર કરીશું હાં ઝટક ઝટક;
અરે વાહ અરે વાહ લાડુ ખાવારે.

(૧૦)

બ્રાહ્મણો—લાડુ જમોરે લાડુ જમો અરે ઓ બ્રાહ્મણો લાડુ જમો.
પાંચ સાત દશ બાર કિહાવી જાઓ ફરી ફરી નહી મળે આવો સમો. અરે ઓ.
મૂછોને મૂજને એકજ લાડુ આડા અવળા શામાટે ભમો. અરે.
આંચ રખો નવ જરીએ મનમાં અડાવી જાવ શાને દેહને દમો. અરે.
બહુ થયા બહુ થયા હવે ન જાઇએ ખાવા કિડાવો ખુશી થઇ થઇ રમો. અરેઓ.

(૧૧)

બ્રાહ્મણો—લાડુ ખાધા અતિ ઘણા મેં પેટ જાયે ફાટી
શાક ભાતની બાધા લીધી નવ ખાધી દાળ ખાટી
પેટ તણાએ અતિ આ મારૂં બો લાગે મન ભારી
અરર અરર ઘેર નહી જાઇએ દેહતણી ખુવારી

(૧૨)

ગુરણક્ષ—ગોબ્રાહ્મણ પ્રતિપાળ નૃપ હોતે હે દયાલ
ક્યા કરૂ મુખે ખ્યાલ ભૂપ ધર્મશાલીહે
સુખ પામો નૃપ અતિ પામો ધન સુખ પ્રતિ
વિદેશમે ચાલી ગતિ રાય કીર્તી બાલીહે
નહીં ટટો કે ફીસાદ નહીં કંઇ દુખ દાદ
જય જય બોલે મોટે સાદ રૈયત ભૂપ પ્રતાપીહે

સબ રૈયત સુખ પામે, દુસમન ડરી જાય હામે
ગામે ગામે કીર્તિ જામે ભૂપ એક ન્યાઇ હે.

(૧૩)

મુકુન્દચંદ્ર—મીત્ર સંગ અમારી, ચાલો આ વારી જઇએ ફરવાને કાજ.
ઉર આનંદ ધારી, સહસ્ત્ર સંભારી, ચાલો આવારી; જઇએ.
મૃગયા રમવા આપણુ જઇએ, મીત્ર સજી સૌ સાજ
હમણાં આપણુ ગયા નથી માટે, જઇએ આજને આજરે
જોને મન વિચારી હીમત ધારી, ચાલો આવારી. જઇએ.

(૧૪)

મુકુન્દ લઘુસીંહ—રસ્તોજ ભૂલ્યા હો ભાઇ, હવે સ્થીતી થશે બહુ
દુખદાઇ. રસ્તોજ.
એ પ્રીય પ્રાણુ ભૂલ્યા મન ભાન
સહાય કરશે જગ મોરારી. રસ્તોજ.

(૧૫)

મુકુન્દચંદ્ર—મંદ પવનની લ્હેરછે સારી. શીતળમંદ સુગંધ છે પ્યારી.મં.
જોબનવંતી જલ ભરી જાએ, દીસે વાહ? સૌભાગ્ય એનુ ભારી. મં.
કોણુ હશે માત તાતજ એનાં વરવાની થઈ ઇચ્છાજ મારી.—મંદ.

(૧૬)

કેવી શોભે દીલજાન અહાહા કેવી શોભે દીલજાન,
રમતી ભમતી ઠમકો કરતી શુંછે એનો ગુમાન અહાહાહા.
આંખ અણીયાળીને મુખરૂપાળુ હોષ્ટ છે લાલ વિશાળ. અહાહાહા.
નાકે છે નથની મુખની કથની ગોરા ગુલાબી ગાલ. અહાહાહા.
એજ પરીને પ્રેમ કરીને વરવાની ઇચ્છા હાલ. અહાહાહા.

(૧૭)

વિજયાલક્ષ્મી—રોકો શું રે આંહી (૨) પ્યારા રે રોકો અમને રસ્તામાંય
છો સુંદર તમે મોહન મારા આ શો તમારો પ્યાર.
પણ હું છું અરે લાચાર. રોકો શું રે આંહી.
પ્રીતમ તમને મારા મેં મારા વરી ચુકીશું નાથ,
સાથે છે સઘળો સાથ. રોકો.
આવજો પ્રીતમ વખત જોઈ કરીશું ત્યાં વાત,
થશે હમણા ઉત્પાત. રોકોશું રે

(૧૮)

સુકુ ધ્યચંદ્ર—પ્રેમકેરા પાણી તણો તરસ્યો હુ થયો,
તરસ હાર મારી ભાન ભૂલી હું ગયો. પ્રેમ.
આ વેળાએ દીલ જાન વાગ્યાં તારાં મોહબાણ,
જોઇ જોબન પ્રીય પ્રાણ કામાંધ થયો અનંત લાણ.
આકુળ વ્યાકુળ જીવ થાય પ્રેમ પરે વહ્યો. પ્રેમ કેરા.

(૧૯)

વિજયાલક્ષ્મી—પ્રીતમ છેલ છબીલા સુણો પ્યારા પ્રીતમ છેલછબીલા
ભાનજ ભુલ્યા દેહતણું આપ બાવરા બન્યા રસીલા. સુણો.
આવજો પ્રાતે રવી આગમતાં કાલ સવારે અલબેલા. સુણો.
વાત કરીશું રસીક મધુરી મુજ મન મોહક વશીલા. સુણો.
મન મનોરથ પુરા થાશે પ્રીતમ પ્રેમ હસીલા. સુણો.
ઉત્પાત થાયે સંગ છે સાથે સમજાવુ શુર સમજેલા. સુણો.

(૨૦)

લધુસીંહ—સત્વર ચાલોરે હે હે વખત વીતી બહુ ગયો
વાર બહુ થાશેરે જુઓ સુર્ય આ અસ્ત થયો

સમીસાંજ થવાને આવી વિચારો મનમાંહી
વાર બહુ જો થાશે અહિયાં કોપે પોતા તાંહી. સત્વર.
ખોળ કરાવે નગ્રમાંહી હાહાકાર વરતાય.
ક્યાં ગયા એ બેઉ પુત્રો ના દેખે દુખ થાય. સત્વર.
માટે વેગે પાછા વળવું વાર કરવી નવહાલ
ઇશ્વર ઇચ્છાથી વળી આપણું ઝટ મળીશું કાલ. સત્વર.

(૨૧)

મુકુન્દચંદ્ર—વિજય લક્ષ્મી પરી મન મોહક વસી દીલ મારામાં.
નથીકો અધીક રૂપસાર હર્યું રંભાએ મન મારૂં
પદ્મણી મોહ્યું મન તારામાં (૨) વિજયે લક્ષ્મી
ચંદ્ર મુખી વદન તારૂં ચોળી લે ચીત મારૂં
નથી તેજ ચંદ્ર ને તારામાં (૨) વિજય લક્ષ્મી
ગૌર પ્રફુલીત મૃગ લોચન કદળી સ્થંભ મન રોચન
મુંનીજન ચુકે ધારામાં (૨) વિજયલક્ષમી.
કટી કેશરી બહુ રૂપાળી છબી મનમાં વસી છે મારી,
નીહાળી છબી એક વારામાં વિજય લક્ષ્મી.

(૨૨)

મુકુન્દચન્દ્ર—મૃદંગની કામની લક્ષ્મી કુંવરી મારા મનમાં વસી.
મારા તનમાં વસી મારા મનમાં વશી.—મૃદંગ.
ચંદ્ર ચતુરા તુજ ધ્યાન ધરૂંછું આકૃતી મનોહરા મનવશીરે—મારા.
કમળ મુખી તુજ વદન જોઇને, કષ્ટ દેહ તણું જાય મન મટીરે—મારા.
ચંપક ચતુરા મૂળુ તારાજ પેખી, મોહ મુરછીત થાઉં મન ભ્રમીરે—મારા.
ચાલ ઝટ જાઉં હવે તેહની પાસે, વાર લગાડું શાને એક ઘડીરે—મારા.

(૨૩)

વિજયા લક્ષ્મી.—અરે પીયુ આનંદમાય ન અંગે,
માય ન અંગે પધાર્યા ઉમંગે. અરે
પાવન કર્યું મમ ધામ પધારી,
આલીંગન દોને ઉમંગે. અરે
ચરણુ કમળની દાશી તમારી,
મરજી છે વરવાની તમસંગે. અરે.

(૨૪)

કુંચનીઓ—ભૂપત્તિ કીર્તી સારી (૨) જામોજી જગમાં તારીરે ભૂપતિ
આવત ચંદ્ર દીવાકર સુધી વંશ પરમ ગાદી રહો તારીરે. ભૂપતિ
નૃપ નહીં તમ સમ પૃથ્વીપર સમદ્રષ્ટી રાખોછો સૌપર
સારીરે. ભૂપતિ.
દરીદ્ર સરવે દુરજ વામો કીર્તી પ્રસારી જગમાં ભારીરે. ભૂપતિ
મુરત પ્યારી છબી મનોહારી લળીલળી કહું શું ઉચારીરે. ભૂપતિ
જીવો રાયજી અતિશય વર્ષો ઇંદ્રકી મીશાલ કીર્તિ ધારીરે. ભૂ૦
ભારત ભૂમી રાજ્ય નીતિજ સારી વારી વારી જાઉં નિર્વા-
કારીરે. ભુપતિ.
શશી શમ દેહ નૃપતિ શોભે, ઇંદ્ર કે ઇંદ્રાસન ગાદી
ન્યારીરે. ભુપતિ
પ્રીય પ્રજાનો ભુપ તમ ઉપર, અતિશય કહુ શું ઉચારીરે. ભુપતિ

(૨૫)

રૈયત—રાજા વાત સુણો મારી પામું દુઃખ ભારીરે.
દુઃખ ભારીરે થાયે ગજબ કારીરે, રાજા વાત સુણો,
વ્યાઘ્ર આવ્યો છે નગ્રમાંહે ઉગારોને રાય,

ત્રાહ ત્રાહ પુકરાવે સૌને જુલમ બહુ કહેવાય રાજા વાત.
મારા પુત્રને મારી નાંખ્યો, ઉરમાં પ્રગટે તાપ,
શું કરૂં રાજાજી અમને ઉગારો માબાપ. રાજા વાત.
ગામ માંહે હડતાલ પડીને લોકો નાશી જાય,
આતે શું કહેવાય રાયજી જુલમ બહુ કહેવાય. રાજા વાત.
ગજબ ગજબ સહુ ન્યાળુ નજરે જોઉ હું ચોપાસ,
આશ નથી જીવવાની રાજા પણાકની થઇછે લાસ. રાજા.

(૨૬)

મેદનીરાય—અરે હાય હાય જુલમ ભારી ગજબ થાયરે
પ્રજા તો પામે ત્રાસ અતિ દીલ મુઝાયરે. અરે હાય
અરે પ્રધાન પાપીને તો ઝટ પૂરો કરો,
પ્રજાને શાંન્ત પાડો જઇ દીલ નવડરો;
મારો, મારો, મારો, ધીર ધરીને, નવ ડરીને ઉપજે
લાયરે. અરે હાય હાય.

(૨૭)

વિર્યસાગર—થાઓ સામંતો તૈયાર વાઘને હણવાને કાજે,
હણવાને કાજે અરે હાં હણવાને કાજે,
રાયનો હુકમ ચઢાવી શીર, દુષ્ટને મારો તાકી તીર.
ત્રાસ સહુનો ટાળો આજે. થાઓ.

સભા—હજુર છે દાસ તમારા રાજ,
હુકમ શીર ચઢાવી મહારાજ.
આવીશું રક્ષણને કાજે,

(૨૮)

સીપાઇઓ—અરે દેખો અરે દેખો પેલો પાપી મારો ઝટ ઝટ ઝટ.

તીર તાકીને મારો તેને ઉથલી દો ફટ ફટ ફટ.
આશો ચાર, સજી હથીઆર, સાથે બાર,
એ દુષ્ટને જલ્દી મારો ભીતી છોડી સટ, સટ, સટ.

(૨૯)

આનંદ આનંદ અતિ, દુઃખ મુજણુ નથી,
શોભા સૌ ઘેર થઇ સાન્તી ગઇથી. આનંદ.
પાળીએ તો પ્રભુજી હરીએ, વરસો જય જયકાર
ધન્ય છે [illegible] તમોને ગુણી રાખો કીરતાર. આનંદ.
પ્રજા [illegible] પાળો સત્તાજ ન્યાય,
[illegible] આપને રાય. આનંદ.

(૩૦)

મેહનીરાય—[illegible] આ વારે મારૂ હું તેહને હારે,
એણે મારો લોઢો મારો, દીલ બાળીને થાય અંગારો.
સળગ્યું કુળ આજ, આવી નાખી લાજ, ચઢેછે દાઝ,
મુજ મનમાં આવારે. મારૂ હું.
કુળ ખોબ લગાડી આવારે, ધીક પેટ પડ્યો એ મારે,
તૈયારજ થઇ વિચાર મનમાંહી, કરો નવ ક્રોધ,
લાવો પાપીને આવારે. મારૂ હું તેહને.

સભા—રાય ક્રોધ મન નવ ધરશો, પુત્ર ગુનો માફજ કરશો,
પુત્ર હત્યાએ અતિ દુઃખ છે જગમાંય માનોને નિરધાર.
રાય ક્રોધ કરો ન જરાને.

(૩૧)

મેહનીરાય—ધીક ધીક પાપી ધીક અંડાળ. કલંક કુળમાં લગાડયુરે.
દુર્જન મુખ જોઇ ચઢેછે બહુ કાળ. કલંક કુળમાં લગાડયુરે.

નહીં હોય આવો ક્ષત્રી કેરો તન.
ખાઇ હરામ કર્યું તેં પાપી અંન. ,, ,,
પાપી આવી નહીં તુને શર્મ. ,, ,,
એબ લગાડી તેં દુષ્ટ ક્ષત્રી ધર્મ. ,, ,,
મારી સામેથી ઉભો રહે દુર. ,, ,,
થઇ કાયર ખોયું ક્ષત્રી નુર. ,, ,,
અહાહા વિપરીત કેરી વાત. ,, ,,
એક પળમાં કરત તુંજ ઘાત. ,, ,,
પણ જાવા દઉંછું જાણી નાનો બાળ. ,, ,,
બાળ હત્યાનું બેસે શીર આળ. ,, ,,
બહુ કહેવામાં નથી કંઇ સાર. ,, ,,
નિકળ કાળુ મુખ લઇ રાજ્ય બા'ર. ,, ,,

(૩૨)

મુકુન્દચંદ્ર—ક્ષમા કરો પીતા જીરે વાંક શો મારો પડયો,
હું છું દીન રાંકરે શામાટે દીલ ગુસ્સો ચઢયો.
જાણું નહીં કંઇ વાત હુંતો થયો શોરેપીતા ગજબ,
હૃદય ચીરાઇ જાય મારૂં, પામુછું અતિ અજબ.
કદી છોરૂં કછોરૂ થાય, પીતાજી રોષ નવ ધરો,
મારી આપી મુજને બાપુ ક્રોધ સરવે દુર કરો.

(૩૩)

મેહનીરામ—જા નફ્ટ નીડર દુષ્ટ પાપીરે ચંડાળ,
નગ્રમાં ન રહીશ મારા નીકળ રાજ્ય બા'ર.
આબરના કાંકરા કર્યા તેં પાપી આજ,
માત તાત કુળ લજાવ્યું આવી નહીં કંઇ લાજ.

વધુ ન બોલ મારી સાથે મારૂ તુજને ઠાર
જલ્દી જા તું અહીંથી દુષ્ટ પાપીરે ચંડાળ

(૩૪)

લીલાવતિ-વિરા આવી દુખી વાત વદે શા કામમાંરે
બેની રજા દીયો જાવા વનખીશ હામમાંરે.
ભ્રાતુ મારા શાને કાજે તરછોડો નિરધાર
ધીરજ ધારો બેની મારી સાહે શ્રી મોરાર. વીરા૦
નિરૂપાયે બેની મારી કરવું છે એ કાજ
પીતા વચન પાળી પ્રીતે વિચરવું વન આજ. વીરા૦
રજા દીયો બેની મારી જાવા વનમાંઝાર
બંધુ હાયે વગડામાંહે રખડવા શું ધાર. વીરા૦
જા કહેતાં જીભ જાય ચીરાઇ ભ્રાતુ મન વિચાર
છોડી જાઓ બંધુ મુજને મૃત્ય આજ થનાર.

(૩૫)

લીલાવતી-સરર સરર સરર મારા વીર મૂકી મુને ગયા
ટળવળતી ની નહીં દયા અરણ્ય વિશે ચાલ્યા ગયા.
પ્યારા કેમ અલગ થયા—સરર સરર સરર. મારા૦
પ્રભુ કોપ શોરે કર્યો હુંથી વિખુટો બંધુ કર્યો
મોકલજો પાછો હર્ષ વાર્યો—સરર સરર સરર

(૩૬)

લધુસીંહ-વાહ આજે હું ખુશી અપાર માનુ દીલથી થયો ભાગ્ય
ઉદય આ વાર. વાહ.
મુજ ઉપર કૃપા કરી પધાર્યો આણે ઠામ;
હર્ષ માય નવ અંગમાં પાવન કર્યું મમ ધામ.

આહે આવારી ખુશી ભારી જયકારી પાડ માનુ પ્રભુનો આ વાર. વા૦
વિલુ મુખછે આપનુ મુખ ઉપર નહી તેજ
શું કારણુ છે એહનું મીત્ર કહો અત્રેજ
કેમ ઉદાશી છે.વિલ્રાસી વૃતાંતભાસી ઝટ કહો મુજને દીલ વાર દા૦

(૩૭)

મુકુન્દચંદ્ર—ઘણાં પાપ પેલે જન્મ મેં કર્યાં હશે વિભુ
કે દેશવટો દીધો મુને એ ભોળારે શંભુ
પીતુ વચન પાળવા જાઉછું હુતો વન ભણી
કરૂં વિનંતી હે પ્રભુજી તારીતો ખુબી ઘણી

(૩૮)

મુકુન્દ-લધુસીંહ—નવ થાવ હુથી ન્યારા પ્રીય મારા
શું તજી મુજ પર ભાવ મુને મુકીને કયાં જાવ
આમ છેક કઠોર કેમ થાવ એક ઘડી અલગ નવ થાવ
પ્રાણુ ધારા નવ
મીત્ર વાત સુણો મારી, કોઈ સંગ ન લઉ મારી ખરો ક્ષત્રીવટ ધારી
સદા રહો ધીર્ય ધારી મમ પ્યારા. નવ૦

(૩૯)

મુકુન્દ—કે જે રે ખબર પ્રાણુ પ્યારીને પ્યારીને પ્રાણુ પ્યારીને કેજેરે
દેશવટો મમતાતે દીધો છે બેહાલ મુજને આજ કીધો છે
કાર્ય કરજે તુ વિચારીને કે જે રે
સુખ દુખ સઉને વારારે ફરતી
જગકર્તાની છે એવીજ કૃતી
રહેજે સદા ધીયે ધારીને કે જે રે
પ્રણામ કહેજે એહને મારા.

હે મુજ બંધું પ્રાણુથી પ્યારા
છેલ્લા પ્રણામ છે પ્યારીને કે જે રે
શ્રી જગદીસ્વર ફરી મેળવશે
કષ્ટો એ આપણાં સરવે હરશે
પ્રભુજી લે જો ઉગારીને કે જે રે

(૪૦)

લધુ—મમમીત્ર તજી ક્યાં જાયે
હાય ઉરમાં પ્રગટે લાયે મમ
સુખે સુતાતા સુખ સેજમાં જ્યાં આનંદથી ઠરી ઠરી
તે શુ રડ વડશે રણુની વીશે હાય આ શું રે હરી હરી
મમ મન અતિ મુઝાયે. મમ
હરતા ફરતા સુખની માંહી કરતાં ભેળા ભોજનરે
તે ચાલ્યો ગયો મૂકીને મુંજને અહિંથી બહુ જોજન
અરે ઇશ થાવો મમ સાયે મમ
પીતા તુજ છે પાપીઓ જેણે ફેંટયો પુત્રને બહારરે
ગયે તજુ જીવ માહરો અરે જગ આધારરે
ઝરે અંગાર ધગતા મમ કાયે મમ મીત્ર

(૪૧)

શ્રી ગજાનનના પતિ તુને વંદી વીનવુરે
સહાય થાવ સાહ્ય થાવ સાહ્ય થાવ સાહ્ય થાય
મહેર મહેર મહેર મહેર
અજરા મરણુ ઇશ તુ. અમાપ પાપ કાપંતું. વંદન કરૂ પ્રીતે હુ
નિજ કરી થાપ તુ. જય જય જગ ત્રાતા, આપત ટાળો
વિશ્વ વિધાતા મહેર મહેર મહેર મહેર

(૪૨)

વિજય લક્ષ્મી—વિયોગ કેમ વેઠાય અરેરે પીયુ વિયોગ કેમ વેઠાય,
લાગે અતિસ્ય લાય અરેરે
સુખનથી કંઇ શરીરનીઆ મુંકી ગયા પ્રીય હાય અરેરે
આલીગન કોણ દેશે મુજને ઉરમાં પ્રગટે લાય અરેરે
હે પ્રભુ દાસની વારે ચઢજો લળી લળી લાગુ તુજ પાય
મેળવજો પ્રભુ ફરીથી મુજને એકાત ખાવા ધાય

(DROP SEEN)

અંક બીજો

(૪૩)

મુકુન્દ—દશા કેવી બેઠી મારી. પ્રભૂ થઇ હાય દુખીયારી
ધીકાર્યો પીતુએ ઘણો કાઢયો મુજને આંય
ભટકું નીરા ધારહું જંગલ ઝાડી માંય
અરે ઓ પ્રભુ શુ રે થાયે, પડે બહુ દુઃખ ન સહેવાયે દશાકેવી
કાંટા પગ ભાગે ઘણા, પડેછે દેહે દુખ
લાગ્યો નથી કોઈ સાથમાં તૃષાપીડેછે મુખ
પીવુ પાણી પ્રભુ હાયે નથી શકતી જવા કયાંયે દશા કેવી
વિકટ જંગલ આ દીશે શબ્દ ભયંકર થાય
માત તાતે અલગો કર્યો નથી કંઇ ઉપાય
દીએ પ્રભુ દુખ તે સેવુ દશા પાસ દાસ થઇ રહવુ દશા કેવી

(૪૪)

જક્ષણી-મલ્યું ભક્ષ મુને સુખકારી કરૂ શાંન્ત સુધા થઇ મારી
સરરરરર (૨) કરૂ શાંન્ત સુધા થઇ મારી
છે કોણ નિરવાંણુ બોલવાણુ લઉ પ્રાણુ
કયાં જાયે હે હેવાન કરૂ કમબખ્તી અહીં તારી સરરરર (૨) કરૂશાંન્ત
ઘણે દેહાડે ભક્ષ મલ્યુ દુખડુ સરવે દુર ટળ્યુ
મારૂ ઠાર કરૂપાર દેખાડુ જમ દવાર સરરરર (૨) કરૂ શાંન્ત
ભટ બોલ કરી તોલ સરરરર મલ્યુ ભક્ષ મુને

(૪૫)

મુકુન્દ ચંદ્ર—આવ્યો શર્ણે હું આજે દેવી તારેરે
માત તારેરે દેવી તારેરે — આવ્યો
આપો આજ્ઞાતો મસ્તક ધરૂ હું
તમો કહો તે કાર્ય કરૂ હું
દુખીયારો આવ્યો તમ પારેરે — આવ્યો
જક્ષણી—સાહે થઇ છું તુજને હુંતો
દુખ પડે સંભારજે તુંતો
હુ આવીશ તારી વારેરે આવ્યો શર્ણે હું આજ

(૪૬)

ચોર લોક—આજે ખુશી કેરો દન હરછ્યાં ઘણાં બધાનાં મન
આપણુ ઉપર પરભુજીની મહેર અપરંમ પાર
કમાંણીતો હારી મલી થયા પૈહાદાર. — આજે.
વેંચી લઇએ હરવે હરખુ ખુશી હાથે હઉ
મેં બધું આણ્યુંસે માટે હુંતો લેઇશ બઉ — આજે.
એમ કદી બનવાનું નથી મસતો મારે જોઇએ

ખબર ના લાવ્યો હોત પેલો ચ્યમ કરીને જઇએ. આજે.
મેં ફરીસે બહુ બહુ ચોકી એક ચીતેથી આંમ
ફકડ અકડ પેરો ફરીને હધાર્યું આપણુ કાંમ. આજે.

(૪૭)

વિજયસીંહ—થાઓ સાવધ સુરા મુજ સ્વાર–ચોરીતો રાજમાંહે થઇરે
ઝટ ખોળ તેની કાહોને આ વાર ચૈં૦
હા હા ગજબ થયો કહેવાય ચો૦
છતી આંખે શું એ ધન લઇ જાય ,,
ધાક નીમકહરામી મુજ સ્વાર ,,
જરા મનમાં કરોને વિચાર ,,
શોધી લાવો એ દુષ્ટને મુજ પાસ ,,
દઇ દંડ મારી મારૂં કાઢો શ્વાસ ,,

(૪૮)

ચોર—જુઓ જુઓ મારા ભઇ પેલો શાંધઆવશે અહીં
સીપાઇ બેટા જેવા દેખાય ન હોય બીજુ કોઈ
નાશી જઇએ ઝટપટ ઝટપટ આડા અવળા જોઇ
અરે ભાગો. નાસો નાસો. માર ખાસો. કટકટ.

(૪૯)

કુરો–મધલી—હાંભળોકે નહીં અલી હાંભળે કે નહીં ઉઘાડ રાંક બા-
પણું હાંભળે
લાવ્યો સું બહુ બહુ ધનજ હુંતો હંતાડી દેએને ઘરમાં લઇ જઉ. ઉ.
આવહે હમણાં સપઇ બેટા ભાગહે કમાડને આવહે મહી. ઉ.
જતાં દીઠોસે એમણે મુજને માર મારહે પેલા આવેસે અહીં. ઉ.

મેર મુઆ મરનીવું નાશી જા અહીંથી હવેતો બાપણું ઉઘાડવાની
નહિ. ઉધાર
પકડઇ જેહું જાતું પડે કેદમાં, જતો રેને માલ નાંછી ક્રેઇ કંઇ ૯

(૫૦)

કુરો—જતો દીઠો સે મુજને, માટે એતો આવે નકકી અહીંઆં,
આ કોઇ ઉંઘી ગયું છે તેની પાસે નાંછી જાઉ કંઇઆં

(૫૧)

સીપાઇઓ—પકડો પકડો મારો મારો ચોર સેતાનીઓ તો ખાસ,
મારીગે તેને બાંધીએ જલ્દી, છેઓ પાસે મોટી રાશ,
શાને છેડો બીજા અપરાધે શું બગાડયુ આપણુ આજ,
ઉંઘી ગયોતો ઉઠયો હમણાં નથી ચોર હુંતો મહારાજ.
ચલ એ સાલે કયા બકતે હે, જુઠે જુઠે બોલી આજ,
મોત આવ્યુ હગે સાલે તેરે બસકર બકબક તુજ ગીજાજ,

(૫૨)

સુકુન્દચંદ્ર—ભાગ્યતણી ગતી અજબ ન્યાળી ઘડીવારમાં તે ફરે ફરે,
રંકનો રાજા રાજાનો રંક કર્મ સાહે સો તે કરે.
કર્મ માંહે જે લેખ લખ્યા તે મીથ્યા ન થાય યત્ન
કરે કરે. ભાગ્ય.
હું નિરદોશી મારી ઉપરે ચોરી આળ આપી પડયું અરે,
અકળ કળા છે પ્રભુ તમારી કેદ પકડાણો હરે હરે. ભાગ્ય.
માર મારીઓ પોડેછે મુજને અનહદ દુખ દીલમાંહ્યરે,
થાઓ સાહે અંતરજામી, ભગત વાર કરી ખરે ખરે. ભાગ્ય.

(૫૩)

નિશાળીઆઓ—સૌ દોસ્ત મળી સેલ કરવા જવું,

સેલ કરવો જાઉં સંસ્ત્રે સાબધ રેવું. સઉ દોસ્ત.
માસ્તર સાહેબ બા'ર ગયા છે,
અમન ચમન કરી ફરતા રે'વું. સઉ દોસ્ત.
ઉરની વીશે બહુ હર્ષેજ લાવી
મનન કરી પાડે કરવું. સઉ દોસ્ત.
ચાલો ફરવાને આજે થોડે દુર જાઇએ,
સાહેબ આવ્યા પહેલાં અહીં ઠરવું. સઉ દોસ્ત.

જણાવુ ગુરૂને હું ઝટ ઝટ ઝટ ઝટ,
પાપી ન જાઓ પાપી ન જાઓ.
મારો એ દુષ્ટને ફટ ફટ ફટ ફટ,
કાઢો એ મુર્ખાને ટોળીની બારે.
ચાડીયાનો છક તોડો, કટ કટ કટ કટ,
ડહોડ ડાહ્યા ડાપણ કરે ઘણું,
વા'લા થવા ગુરૂને સટ સટ સટ સટ.

(૫૪)

મુકુન્દ ચંદ્ર—કર્મે કર્યાં છે નિરાશમાં કળીની વિશે કર્મે કર્યાં છે નિરાશમાં.

સત્ય અન્યાય ન્યાય કંઇ ન જુએ, દુખ દરીયે ડુબ્યા ભારે ત્રાસમાં. કળીનીવિશે
ડગલે ડગલે જુઠુંજ બોલે, વેર કરે ગીલુના સાથમાં. કળીની.
ધર્મ, સત્યને રીપુ ગણેછે, સમજે ન સાચના વિલાસમાં. કળીની.
લંપટ હરામી નીચ બહુ બહુ પ્રગટે, કેદ પકડાયો આવાસમાં. કળીની
રાજ્યાસનપર ન્યાય દેતો તો રહેતો સદા મગ્ન વિલાસમાં. કળીની.

હજારો દાસ દાસી ખમાજ કરતાં પકડાયો કેદ અભિલાસમાં. કળીની
તે સુખ સરવે ક્યાંરે ગયુ હાય, બની ગયોહુ છેક લાસમાં. કળીની

(૫૫)

વિજયસીંહ—આવ્યું આવ્યું (૩) પ્યારે મારે સ્વપ્ન એક વિલાસી
સ્વપ્ન વિલાસી પ્યારો મમ જાયે ત્રાશી. આ.
સ્વપ્ન આ વારી દીધુ મહાકાળી છોડ બંધીવાન તુજ નિવાસી. આ.
સાચુ કે ખોટું મન રાખી મોટું છોડી મુકુ તમામને ખાશી.

(૫૬)

મુકુન્દ—નમુછું હું માજી તમને કર્યો મુક્ત દુખ કાપી મને
દયાળુ આપ કૃપાળુછો માજી ભવ ભક્ત તારણુછો
ભક્તોને દુખ પડે ન કદા હુપર મે'ર મા કરો સર્વદા
કરગરી કહું જોડી બે હાથ વંદુછુ વિધાત્રા મા સાક્ષાત

(૫૭)

લુટારા—અરે એ ખરે એ આવે પેલો કોણ
ચ્યાંહે હાલા ચ્યાંહે હાલા જુઠી બોલે વાંણુ
એ આવે એ આવે ચ્યમ આએ અજાંણુ
મારી હું લૂટી હું ઝુંટીહું તો તેને આજ
પૈહા એના આજ પડાવી ન્યાલ થઇ હું આજ
અરે કોણુ બોલો વાણુ નિરવાણુ

ચુપ, ચુપ, ચુપ.

(૫૮)

મુકુન્દ ચંદ્ર—મૂકો મૂકો હો ભાઈ શાને છેડો મુનેરે. છેડો
બીન અપરાધી ગરીબ હુછું છેડો શાને કાજ
બકવા તારો બસ કરી દે આવે છે બહુ દાઝ. મૂકો.

ઠીક કરીહના મારી હાથે જાણ્યા તારા ઢોંગ
મારી નાંસેસ મારી હાહુના દેસીસે આ ડોંગ. મૂકો.

(૫૯)

વિજય લક્ષ્મી—નાથ વિના લાગે છે સરવે સુનું અહીં
કાંઈ ગમે નહી ચેન પડે નહીં દુખ દીસ મહીં હાં હાં હાં હાં. નાથ.
કોઈ ખબર લાવોને જઈ પ્યારા તણી
કરીશ ખુશી હું તેને આપી બક્ષીસ ઘણી
ગયા હશે કંઇ પીડે વીરહ અહીં. હાં. નાથ.
પ્રભુ સાહે થઇને કામ મારાં કરો
કામ મારાં કરીને દુખ સર્વે હરો
પ્રભુ સાહ્ય થઇ દુખ જાઓ સહી. હાં. નાથ.

(૬૦)

દાશી—અહા બાઇ શાને મન શોક ધરોરે
શોક ધરોરે દીલ દુખી કરોરે. અહા બાઇ.
પ્રભુ સાહ્ય થશે બાઇ દુખ ટળે સરવે સાઇ
ચીંતા કરો દુર બાઇ શાને દુખ ધરોરે અહા બાઇ.
બાઇ ધીર્ય રાખો ઉર ઉચાટ સૌ કરોને દુર
પ્રભુને ગમતુ થશે મળશે પતિ તમારોરે અહા બાઇ.

(૬૧)

પ્રીયચંદ્રા—યાર વીના નવ પડે ચેન મનેરે
ચેન નવ પડેરે મન મારૂ બળેરે
માટે હું કહુછું વારી છું હું તો બહુ લાચારી
બોલાવો ફુકડને શાણી કહીએ તનેરે. યારવિના.
વેગેથી જાદાશીરે કરીને કામ પ્યાસીરે

આવોને પ્રીતે અહીંથી સુંદરને સાથે લઇ
કરીશ રાજી આપી ઇનામ તનેરે. યાર વિના.
મન વ્યાકુળ થાયેરે ઉરમાં પ્રગટે લાયેરે
બુઝાવવાને માટે કહીએ પ્રેમને સાટે
મેળવ પ્યારાને કરી દુખો ફનેરે.

(૫૨)

સુલેખા—આવી આવી આવીરે બાઇ એક ખબર લઈ આવી
આ ઉપવનમાં વૃક્ષની નીચે રાજકુમાર મન ભાવીરે. બાઇ.
ચતુર વિચિક્ષણ રાજ્યકુમારે મન લીધુ છે લોભાવીરે બાઇ.
સુર્ય છુપાએ તેના સ્વરૂપથી આપ જુઓને નિહાળીરે. બાઇ.
આજ્ઞા હોયે જો બાઇજી આપની આંહી લાવુ બોલાવીરે બાઇ.

(૫૩)

પ્રેમચંદા—બોલાવ એને આંહીતું શાને કરેછે તું વાર
ઝટપટ એને બોલાવી લાવ તું, જાણુ હું હૈયાનો હાર. બોલાવ.
જીવ ગભરાયે અતિ આ મારો કર નહી જરીએ વિચાર. બોલાવ.
સમજાવી ફોસલાવી બોલાવી લાવ્યઅહીં જલ્દીથી એને આહાર બો.
તેડી લાવું ઝટ બાઇજી એને કરૂ ન વાર લગાર. બો.

(૫૪)

સુલેખા—અરે ભાઇ ચાલો ચાલોને આવાર
બાઇ બોલાવે તમને હમારાં હે મમ હૈયાના હાર. અરે.
તૈયાર થાઓ ચાલોજી ચટપટ હૈયાના હાર ધરી પ્યાર. અરે.
રટણ કરે છે બાઇ હમારાં નારે હું નહીં આવનાર. અરે.
કામ પડયું શું બાઇ તારીને શાને બોલાવે હે નાર. અરે.
જાણુ નહીં હું કામ કશુંએ જાણું બોલાવે નિરધાર. અરે.

નહીંરે આવોતો દુખ દીલ ધરશે ચાલો છોડીને વિચાર. અરે.

(૬૫)

પ્રેમચંદા—આવ્યા રાજ્યકુમાર પધારો આવ્યા રાજકુમાર
મારા રશીક પ્રાણાધાર પધારો આવ્યા રાજકુમાર
છેલ છબીલા રૂડા રંગીલા
લલીત વદન લતા માંહે ઝુંકેલા
મોહ પામી અતિ મન રસીલા ચરણ કમળના દાસી તમારી
વરવાની મરજી તમપર ભારી સ્વીકારો સલુણા આ અર્જ મારી
(રસીલી તુજ મરજી એમ છે તો ઠીક છે)
કોમળ મુર્તી આનંદકારી, ધરીને હર્ષ અપાર પ્રીય ધરીને હર્ષ અપાર

(૬૬)

ચંદ્રકળા, સાહેલીઓ—

આવો આવોરે (૨) સહીયરો મમ આજ પુજન કરવાને
ધરો ધરોરે (હાંહાંરે) માજીનુ ધ્યાન આજ પાવન થાવાને
વીઘ્ન નિવારણ માના સૌકો ગુણ હર્ષ ધરી ગાવોરે
સુખીઆં થઇએ દુખડાં ખોઇએ દર્શનનો લઇ લાવો પાવન.
આરાસુરે અંબે બીરાજ્યાં પાવાગઢ મહાકાળીરે
તુળજા ભવાની દક્ષિણ મધ્યે, બહુચળ અંબે બાળી. પાવન
હસતાં રમતાં વાતો કરતાં જય જય અંબે ઉચારોરે
કંથ મળજો સુજાણ તમોને માજી પુરે કોડ તમારો. પાવન.

(૬૭)

આજે પુનમનો દીન છે સખીયો સોભતોરે
આવો આનંદથી ફરીયે સૌ સંગાથ.
કરીયે પ્રીતેથી નમન માનુ આપણેરે.

સૈયર હાથે તે બાજુ બંધ બેઉ ઠમકતાંરે
હેતે કરીયે માંહોમાંહે વાદ. કરીયે પુજન પ્રીતેથી માનુ
સખીયો સઉ સાથે મળી કરીયે પુજન આજ
મન પ્રફુલીત આપણું સરશે આપણુ કાજ
સહીયર એકમેક તાળી લઇને હાથમાંરે
આજે આનંદ ન માયે ઉરનીમાંય કરીએ પુજન
વિધ વિધ પુષ્પો ખીલીયાં મનહર બાગનીમાંય
મંદ મંદ વાયુ વાય છે માના મંદીરમાંય
સહીયર આનંદેથી રમીયે હેતે ગણુંરે
કેવી મંડપની રચના છે સુંદર કરીયે પુજન
ગુલાબ ને મોગરો અહી, ખીલ્યો ચંપા છોડ
જુઇ જાઇ છે ઘણી મન થાયે રંગરોળ
સખીયો દુખ દુર કર્તા જગત અંબા માત છેરે
તેનું સ્મરણ કરોને એકજ ચીત કરીયે પુજન પ્રીતેથી
કોકીલ, મેના, હંશને પક્ષી કરે કલોલ
તેથી કરી મનની વિશે હર્ષ થાયે અતોલ
સહીયર શશી શમ દેહ શોભી રહી આપણીરે
તેતો શોભાવે છે સુંદર સૈયર સાથ. કરીયે.
શણુગાર માને શોભતા, દીવા છે અતોલ,
માજી કેરા સ્થાનકે બોલાય જે જે બોલ;
સહીયર પ્રીતેથી માગોને રૂડા વરનેરે,
જેથી પુરા થાયે મનડાકેરા કોડ. કરીયે પુજન.

(૬૮)

હે શું શરદે પુનમ ચંદ્ર શોભી રહ્યો,

શોભી રહ્યો—તેજ શોભાવી રહ્યો. હે શું
વીધવીધ સખી પુગો ખીલ્યાં, સુંદર બગીચામાંય.
અમન ચમન હું તે ભર્યાં, ગુલાબ બેહેકે જ્યાંય,
સરસ શોભીતી શી રાત્રી સાહેલી,હેતે ચંદ્રમુખ મલકાવી ગયો.હેશું
કોયલ મુધુર વાંસળી તણા, શબ્દ શુણી ઘગઘોર,
લાગી ચટકી પ્રેમની મુજ મન કૃષ્ણ કીશોર.
ગોકુળ ગામમાં માલે કાન પીતથીરે,
મહામહી ઘમકે વેણીનાદ, લ્હેરી રીતથીરે. હેશું
શીતલ મંદ પવનની લ્હેર આવે ભરપુર,
કંથ વિનાની કામની તેને દુઃખ બહુ ઉર.
રસ ભોગથી રમશે કયાં રસ રંગમાંરે
જોબન રંગ પ્રીતી અંગજ વ્યાપી રહયો હેશું

(૬૯)

લલિતા—સખી જો ને કરી વિચાર, જાય કુમાર, નયનીબાર,
સરોવર પાને (૨) દીસેછે રૂડો કામદેવ સમાને
કેવા છે સુંદર કેષ, ભૂપ નરેષ, જોબન વેષ.
દીસે છે ભારી (૨) મુખ ચંદ્ર બીંબ સમાન આનંદકારી,
સુંદર છે ગુલાબી ગાલ, હોષ્ટ છે લાલ, હંસની ચાલ,
સમાન ચાલેછે (૨) વળી વાંકાં મુકી પાઘ મન માલે છે;
તીક્ષણ અણીયારી આંખ, નજર તું નાંખ, કરીને ઝાંખ
જાય અલબેલો (૨) ધન્ય ભાગ્ય તેનુ કહેવાય જેને પરણેલો.
શાં પુર્વે કર્યાં હોયપુન્ય રીઝાવ્યામુન્ય ઇશની ધુન્ય,
કરાવી હોયે (૨) તે પામે આવો વર સુભાગ્યે કોયે.
એના જેવો આંહી પૃથ્વી માંહી હશે નહી કોઇ,

વિર કુમાર (૨) દેખીને પામે મોહ મુર્છીતજ થાય.

(૭૦)

ચંદ્રકળા—ઘાયલ મન થયુ મેળવ એજ પ્યારારે
પ્રાણુધાર હૈયાહાર, જાય આવાર, કહુછું સાર.
છબી વસી દીલ મારારે. ઘાયલ.
માટે સખી તુંતો દાખવ મુજને એહરે,
નહિતો હાણુ, જીવની જાણુ, સત્યજ વાણુ,
કહુ નિરવાણુ, જીવ જાય વીણુ પ્યારારે. ઘાયલ.
વીરહ પીડે અતિ, મન મુઝાઇ જાયરે,
સલુણા સંગ, રમવા રંગ, અરપુ અંગ,
અતિ ઉમંગ, ધા વાગ્યા મન મારારે. ઘાયલ.

લલિતા—શોચ દુર કરો થઇને આપ સુજાણુરે,
મેળવુ પ્રાણુ, અતિ સુજાણુ, દુખ નવ આણુ,
નિશ્ચય જાણુ. મીલાવુ સુખ માણુરે. શોચ દુર.

(૭૧)

ચંદ્રકળા—ભલે આવ્યા રાય પધારોરે, ઉલટ અંગ વિશે વધારોરે,
કોણુ ગામને ઠામ તમારૂ, કુણુ ગાતને તાત.
પ્રતિ ઉતર આપશો તેનો, પૂછયો જે સાક્ષાત. ભલે.

મુકુન્દ—શામાટે મમ ગામ પૂછોછો, શાને પુછો નામ તાત,
મરજી હોયે વરવા તણી તે પુછે પીતા કેરી જાત. ભલે.
જ્યાં ફરીએ ત્યાં દેશ હમારો તાતનો સરજનહાર;
ઉમેદવાર ઓળગતણો હું રહુંછું રાજા દરબાર. ભલે.

ચંદ્ર—ભલે આવ્યા ભાવ્યા દીલમાં, વરી ચુકીછું નાથ,
સ્થાપ્યા પ્રાણુધાર તમોને, બીરાજો દાસીની સાથ. ભલે.

(૭૨)

મુકુન્દ—ચંદ્ર પ્યારાઓ વાલાઓ ચાલોને સુખ માણીએ આજ,
જલ્દીનુ પ્યારીનું આશું વદે વિપ્રીત વાત,
શાણીછો વાલીછો. જાણે જે તમારા તાત.
પ્રાતમજી, વાલમજી, ટળશે સૌ ત્રીવીધી તાપ,
પ્યારાઓ શાણાઓ બીક ધરો નવ મનમાં આપ.
ચાલોને માલોને પ્રાતમ મુંજ માથાના તાજ.

(DROP SEEN)

અંક ત્રીજો.

(૭૩)

કંચનીઓ—કચેરી ખીલી ભારે જગ રાય,
શોભા ભારે આપે મહારાય.
થઇ રહ્યો આનંદ ઉરમાંય   કચેરી ખીલી,
તમ સમ નહીં પૃથ્વીપરેરે નૃપ અમન ચમન
મનોહારી મુરતી પ્યારીરે, પ્રજા કે ભૂપ પાલન.   કચેરી.
સત ક્રોડધની સ્વતંત્રેરે, ચક્રવે ભૂપ અવનિ,
નિતિ ન્યાય સદાયેરે વહાર કરે સઉની.   કચેરી.
રીધી સીધી વાલી નહીરે, ધર્મીષ્ટ મહા ભૂપાળ,
પરમારથ મન રાયનુંરે; રંકકુ કરતહે ન્યાલ,   કચેરી.

(૭૪)

પંડયા. વિરવિલાસ.—
ભલે પધાર્યા મહારાજા આજે ખુશી દીલ વ્યાપી ઘણી,
સત્યજ વૃતાંત કહોને કુંવરી કેટલુ શાળા માંહે ભણી.

શાસ્ત્ર ગ્રંથો શીખી, કેટલું થયુછે અને સારૂ જ્ઞાન,
ખુબી એની છે કેવી ભાષા કવિત વિદ્યા સંગીત તાન.
સાંભળો રાજાજી આપ, અને વીચારો મારાં સત્ય કહ્યાં,
કુંવરીને મંદીર ગયે, આજે વર્ષો વિતિ બેજ ગયાં.
ત્યાર પછી ગયો અહીંથી જાત્રા કરવા દ્વારમતિ ધામ,
પછી વાત નવ જાણું ઇચ્છા હોયતો પૂછો તેને તમામ.

(૭૫)

વિરવિલાસ—બોલાવો પ્રધાન પ્યારા કુંવરીને અહીંરે,
ઝટપટ તમે જાઓરે, જલ્દી જઇને આવોરે.
આશીશ કે જો મારી શીખામણ દઇને સારી,
કહેજો કે ચીંતા તજ્જે હોયે મનની ગહીંરે બોલાવો.
તુજ માટે અમોરે શોધીએ વર રૂડોરે,
તેને બહુ સમજાવી, પ્રતિ ઉત્તર તેનો લાવી,
પાછા વળજો તરત આવવા અહીંરે. બોલાવો.

(૭૬)

ચંદ્રકળા—આવ્યા આવ્યા (૩) પ્રધાન પ્યારા પધારો આવારી,
પધારો આવારી તમે સદારો સુખકારી. આવ્યા.
આવ્યા તે જાણ્યું, મન તેથી ન માન્યું,
સમજી ગઇ વાત વિકારી. આવ્યા.
આવ્યા તેમ જાઓ જઇ પીતાને કહો,
નથી વરવાની ઇચ્છાજ મારી. આવ્યા.
રાસ ચડે નહીં, પીતાના મનમહીં,
એવુ વેણ વદજો મધુરકારી આવ્યા.
પીતાને તુલ્યે ગણુ અમુલ્યે,

નથી તમ સમુ કોઈ લગારી. આવ્યા.

(૭૭)

આજે આનંદ અંગે ન માય મુજ ફર ફર જીવ ઉભરાય
અરે હાં (૩) આજે આનંદ અંગે
કોણ હશે એ રાજ્ય કુમાર, પુછું નીરધાર જઇ આવાર
ઉર ગભરાયે આજે આનંદ અંગે ન માય
જઈ પુછું એને આવાર, ડરૂ ન લગાર ચુકુ નહી બા'ર
ભલે જીવ જાયે મુજ ફર ફર જીવ ઉભરાયે

(૭૮)

ચંદ્રકળા—અરે જાને દુષ્ટ અહીથી ચંડાળ, મોતતો તારૂ શાને ભમેરે
શું તુ ગાભરો બની જુએ આવાર. ,,
તારા ટુકડા કરાવી નાખુ સાત. ,,
એક પળમાં કરાવુ તારી ઘાત ,,
કોણ મારા મેલમાં તું પેસનાર ,,
જાને દુષ્ટ વ્યભિચારી ચંડાળ. ,,

(૭૯)

પ્રેમલો—તારા સત્યનો નહીં હું અજાણ. કમબખ્તી તારી હવે કરૂરે
હવે જોજે તું કાઢીશ એમાં લાણુ. દીલમાંહે જરી નવ ડરૂરે
હવે જણાવી દઉ તુંજ તાત, કમબખ્તી તારી હવે કરૂરે.
કરૂં પોગળ હરામી નીચ જાત, દીલમાંહે જરી ન ડરુરે
હવે યાદ રાખજે તું મારાં વેણ, કમબ૦
તારા મુખમાં ઘલાવું તારાં કેણ, દીલ૦

(૮૦)

ચંદ્રકળા—ફરી પ્રેમે જોડી કહું હાથ

પીયુ મારારે તમે વિચારો મન સાથ. કરી પ્રેમે.
ચેતો મનમાંરે વિચારો તનમાંરે
મન થાએ અતિસ્ય નિરાશ. કરી૦
પીતા જાણેરે વાત પ્રમાણેરે
નક્કી કરશે એ આપણુ નાસ કરી૦
નાશી જાવોરે તોતો ફાવોરે
જતા રહો અહીંથી મમનાથ. કરી૦

(૮૧)

મુકુન્દચંદ્ર—શત્રુથી શું ડગ ભરીરે પાછા જાશું નાશી
આશું વેણ વદો મમપ્યારી, કુળતણી થાય હાશી
પૃથ્વી ઉલટી કદી થાયેજો, ચરે કુતરા ચારો
મહાસાગર કદી માઝા મુકે, પડે દુખનો ભારો
કરે કૃત્યો ક્રુર અતિસ્ય પંડીત ધર્મે પુરા
સુર્યોદય કદી પશ્ચીમ થાયે, નુર ગુમાવે સુરા
નામ ન ખોઉ પીતાતણુ હું, ભલે પડે મુજ કાય
ખરો ક્ષત્રીવીર જણાવુ, વિચરૂ રાજ્ય સભાય
મરવું માથે છેજ સર્વને, હોય અમર નહીં કોય
નાસુ નહીં કદી નિર્બળ થઇને, પ્રભુ કરે તે હોય.

(૮૨)

મારાઓ—અસ્યા હાસ્ય હાસ્યરે આજ હારીસેજ બાર
હજુરનો એવો હુકમ થીયોસે, કુંવરને કરવોસે ઠાર. અસ્યા.
મારી લુંટીને પૈહા કમાવા હાનો કરે છે વિચાર. અ૦
બાપદાદાનો ધંધો એ આપણો ઉભો થાને તૈયાર. અ૦

(૮૩)

મુકુન્દચંદ્ર—સહાય સહાય, સહાય, કરો હે મુને મોરારીરે
ગહન ગતિ તારી પ્રભુ, ગઇ મતિ હારીરે. સહાય.
શું કરૂ હવે ઉપાય, ઉરમાંહે પ્રગટે લાય,
ચરર, ચરર, ચીત ચીરાય, ગઈ મતી હારીરે. સહાય. સહાય.

(૮૪)

દાશી—બાઇ ખબર લાવી માઠી ઉર ધરીમાં
જીભ ઉપડતી નથી જરીયાં જરીયાં
સમાચાર કેતાં દુખ દીલ થાય દરીયાં બાઇ.
મતિ ગઇ મારી હારી હારી હારી હારો બાઇ.
હજુર કેસેતો હુકમ સાંભળી દોડી આવી ઝટ બાઇ થરથરીયાં
આવી, આવી, ભાવી, ફાવી, બાઇ ખબર
વાત સરવેતો આપણી જાણી, રાજ્ય સભાએ નવ વખાણી.
મતિ ગઇ મારી હારી હારી, હારી. બાઇ ખબર.
રાજ્ય કુમારને ભોળવી ચાલ્યા, મારાઓ લઇ વગડે માલ્યા
કોણ જાણે નાખે તેને મારી મારી, મારી.
મતિ ગઇ મારી હારી હારી બાઇ.

(૮૫)

ચંદ્રકળા—અરે સખી તું જાને વહેલી જલદી લાવ્ય તેહને
દામ વિશેષ લેઇને જાતુ લાવ્ય તેડી એહને
આશા ભંગ થઈ હાય જીવતો મુઝાય છે
સુઝ પડે જરી નહિ આ હૃદયતો ચીરાય છે
દૈવ શો અતિ જુલમ દાસ ઉપર થાય છે
ચરર, ચરર, ચીત ચીરાય દિલ મુઝાઇ જાય છે. અરે.

(૮૬)

લલિતા—વેગે જઈ તેડી લાવું રે.

આપનો હુકમ શીર ચઢાવી જઇને લાવું હું ઝટ બોલાવી.
ચિંતા તજી બેસો આંહી જલદી જાવું રે વેગે જઇ.
જો ન લાવું આંહી બાઇ પ્રાણુ તજુ મારા આંહી
ધીરજ ધરી બેસો આંહી જલદી જાવું રે વેગે જઇ.

(૮૭)

લલિતા-ચંદ્રકળા—લાવી પ્રીતમજીને આજે બચાવો બાઇરે

સફળ થયુ સૌ બાઇ ખુશી થાઓ મનમાંહી
આવીશું સાથે તેડી છુટી મુજ મનની હેડી
આનંદની થઇ છે હેલી થયા સાહ્ય જગત બેલી
લઇ જાતું તેડી તેને જાણ પડે ન કાંઇરે લાવી.

(૮૮)

ચંદ્રકળા—પતિ સખીએ છોડાવ્યા ઘણો ભાવ કરી

ઘણો ભાવ કરી ઉર હામ ધરી. પતિ.
ઘણી યુક્તી કરી દુષ્ટ બુદ્ધિ હરી
હવે સહાય થજો દયાવાન હરી
પતિ સખીએ છોડાવ્યા ઘણો ભાવ કરી.

(૮૯)

ચં—પ્રીતમજી પધારોને પલંગેરે

રંગે રમવા રાજ આજ. પ્રીતમજી
પધારોને પલંગેરે, અતિ ઘણા ઉમંગેરે. પ્રી૦
પ્રસન થયા સરજનહાર
કાપી કષ્ટો કરી વ્હાર

આનંદ માય ન અંગેરે. પ્રી૦
નિર્ભય રહો સુખે નાથ
વિહાર કરો પ્રેમની સાથ
રમાડી રસ રંગેરે. પ્રી૦
રસીક રસીકાથી રમી રંગ
ઉપજાવો શીતળતા અંગ
હીંચો પ્રેમ હીંચોળેરે. પ્રી૦

(૯૦)

મુકુન્દ-ચંદ્ર—પ્રીતમ પ્યારા જાઉં વારી
વાહ પ્યારી છે બલીહારી
દીસોછો આપ ઉદાસી
સદાએછું અભીલાસી
પ્યારે નહિ રીત આ ખાશી, વૃતાંત કહો સત્ય ભાસી
સાચું કહોને પ્યારે, માનું આપનો આભારે
મુગટપતિ મોહન મારા બુજાવો મનના લારા. પ્રીતમ.

(૯૧)

મુકુન્દ,ચંદ્ર—હે સલુણી નારી સાંભળી આવી વાત દુખાકારી
થયાં વર્ષ આજ મુંને બારી ઝુરે માતપિતા અને નારી
તે માટે જઇએ ઘેર વાર કરવી નવ લગારી
હવે હું જાઉ ધરીને પ્રીત આવુ હું સાથ આપ ખચીત
ફરજ બજાવું મારી નિત્ય મળું સૌને આવારી. સલુણી.

(૯૨)

પ્રેમલો—હું માનું (૨) થયો ભાગ્ય ઉદયતો મારો
વાહ આવારી, ખુશી ભારી દુખહારી, જયકારી.

જાઇ સફળ કરૂં જન્મારો થયો
મળશે પૈસા અપાર ઝાઝી કરવી ન વાર
વાહ વાહ માનું આવાર કાર્ય કરૂં નિરધાર
ચાલ જાઉં ખોટી ન થાઉં હવે લાગ આવ્યો છે સારો. થયો

(૯૩)

પ્રેમલો—મુકુન્દ—શું કરોછો વાત, મારીશ લાત, નથી ફાયદો તમારો
ચલો બોલાવે રાય હમારો
રાય તણી છે દીકરી, શું ધારી તેને કીંકરી, શું તું છું અલી કરનારો
ચલો બોલાવે રાય હમારો
લેદશ, હવે બશ. ચલજે સાલો મારો બોલાવે રાય અમારો
સો, બસહો, જાઓ કાઢો સુખેથી જન્મારો, મળવે એ રાય અમારો

(૯૪)

મુકુન્દ ચંદ્ર—આહા! શો શોભે આ દરીયો તોફાની
ભરતી આવી ઊંચું ચઢયું પાણી
વહાણ અહીંથી દુર છે ઘણું, મુખે અરે હું શું તોરે ભણું
આપણુ એને પોળીઆએ બચાવ્યા દુષ્ટ કરમે આ જંગમાં મચાવ્યા
ચાલો બેસીયે હોડીમાં પ્રીતે, જઇએ આપણુ વહાણે ખચીતે

(૯૫)

ચંદ્ર કળા—અરેરે ઇશ્વરા તેં શું કર્યું, મમ મૃગલુ તે કેમ હર્યું
અરે હું અબળા એકલી આ દુષ્ટ કામ તેં શું કર્યું
આવુંછું અમૃત રસ પીવા, અમૃત રસ તે કેમ ઢર્યું
કોપ શો મુજ પર કર્યો તેં, દાવાનળ દુખ શીર પડયુ
હું છુ કર્મની અભાગણીરે, મમ મૃગળુલુ તેં કેમ હર્યું

(૯૬)

માછી—ચાલ રડ નહીં ડર નહીં ધીરજ તું ધર

બીએછે શા માટે અહીં હું છું સુંદર વર
પ્રેમ રસ માને મને ફીકર ન કર
ધણી તારો જબરો હું છું, કેને મુજને વર

(૯૭)

ચંદ્રકળા—મરજા અહિંથી દુષ્ટ તુંતો કાળુ તારૂ કર
મુજ કંથની તરવાર તુજને કરશે પ્યારો વર
શ્રાપ દીધો મેં અનાડી જાને અહિંથી આજ
જુલમ કરશે જો મુજ ઉપરે ડુબશે તારૂ ઝાજ

(૯૮)

માછી–ભુલ્યો હું માજી માફ કરોને, ચુકયો છું માજી નવ રોશ ધરોને
મુખથી વાણી ખોટી ઉચરાઇ, માફ કરી માજી મુજને ફળોને
ચંદ્રકળા—માફ કરછું ગુન્હા હું તારા હવે કર નહી કર્મો નઠારા
સતિને છેડે સાર ન નીકળે, જેમ ખીજવાયેલ સર્પની ઝવાળા.
દેહતણી ખુવારી થાયે, સમજ મન તું વચન મારા
ભુલ્યો હું માજી માફ કરોને

(૯૯)

ચંદ્રકળા—નમુ નમુ આશાપુરી છું શરણે છું શરણે (૨) નમુ
સાહે થઇને દુખ સઉ હરજો મુજ પર માજી કરૂણા કરજો
લળી લળી લાગુ તુજ ચરણે નમું નમુ
માજી શેવક સાહય કરીને ભાગો કૃષ્ટો દુખ હરીને
ઈશ્વરી નામ વિસરૂ ન સ્મરણે નમુ નમુ

(૧૦૦)

મુકુન્દ ચંદ્રકળા—આજે પ્રીય આનંદ મન માતો નથી

મન માતો નથી, ઉભરાયછે અતિ (૨)
વા રૂ પ્રી યા આજે
રસીલા બલે મળ્યા પુન્ય પૂર્વે કર્યાં.
રંગે રમીશું સ્વામી દુખ દુર ટળ્યાં
પ્રીતેથી સહીં, હર્ષ દીલ મહીં વારૂ આજે
દુઃખ પડ્યુ અથાગ આપણુ બેની પરે
મળશે સુખ હવેથી દુખ ઈશ હરે
દુખ ઇશ હરે સુખ બહુ કરે વારૂ આજે

(૧૦૧)

મેદનીરાય—હશે કયાં પુત્ર હાયે પ્રીય પ્રાણ
બાર વરસતો વીતી ગયાં છે
ખબર ન મળી આ ઠામ. હશે કયાં.
વૃદ્ધાવસ્થાએ દુઃખ પડે શીર કયારે મળે પુત્ર પ્રાણ. હશે કયાં.
દાવાનળ દુખ થાયે અંગે પુત્ર વિના સૌ અજાણ. હશે કયાં.
હે પ્રભુ દાસની વાર કરીને મેળવ સુખની ખાણ. હશે કયાં.

(૧૦૨)

સર્વે—વંદન ત્રીપુરારી કાપ આપદા
શેવક શરણે રાખો ચરણે, તું ગુણ ગ્રામી વિભુ સ્મરણે
તું કર્તા તું સરજનહાર, યાધી વ્યાધી હરતાહાર
મનહર નામી જય ગુણવાન, નિરવિઘ્ન ખેલ કીધો દયાવાન
સુમતિ દઇને આપો જ્ઞાન, સ્તવન કરૂં તારૂ સુજાણ. વંદન.

M H K

સમાપ્ત.